## **કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે "ગુજરાતના અગત્યના પાકોમાં ગુણવતાસભર બીજ ઉત્પાદન" વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો**

દાહોદ મુકામે આવેલ આણંદ કૃષિ યુનિવર્સિટી નું કૃષિ સંશોધન કેન્દ્ર જે મુવાલિયા ફાર્મ તરીકે ખેડુતોમાં લોકપ્રિય છે. દાહોદ જીલ્લાના જુદા જુદા ગામોના ખેડૂત મિત્રોને કૃષિ સંશોધન કેન્દ્ર ખાતેથી ચોમાસુ ઋતુ દરમ્યાન સોયાબીન, ડાંગર, તુવેર, અડદ, કોદરા, નાગલી તેમજ શિયાળુ ઋતુ દરમ્યાન મકાઈ, ચણા, લસણ અને ઘઉંનું બીજ ઉત્પાદન કરી પુરતી માત્રામાં બિયારણ પૂરું પાડવામાં આવે છે. જેના ભાગરૂપે બ. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં જનીનવિદ્યા અને પાક સંવર્ધન વિભાગ ખાતે કાર્યરત, ટ્રેનીંગ પ્રોગ્રામ ઓન સીડ પ્રોડક્શન યોજના અંતર્ગત તારીખ ૧૩/૦૨/૨૦૨૬ના રોજ **કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદના સંયુક્તઉપક્રમે દાહોદ જીલ્લાનાં ખેડૂતો માટે "ગુજરાતના અગત્યના પાકોમાં ગુણવતાસભર બીજ ઉત્પાદન" વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ દાહોદ મુકામે** યોજવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં બોરીયાલા, પંચવાડા અને દેવધા ગામના ૭૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે કૃષિ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, મુવાલિયા ફાર્મ, દાહોદના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ખેડૂતોમિત્રોને તથા આણંદ કેન્દ્ર ખાતેથી આવેલ વૈજ્ઞાનિશ્રીઓને આવકાર્યા. આચાર્યશ્રી, કૃષિ ઈજનેરી પોલીટેકનીક, આકૃયુ, મુવાલિયા ફાર્મ, દાહોદના ડૉ. એફ. જી. સૈયદ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોનું માર્ગદર્શન આપેલ. ડૉ. અનિલ રાવત, સહ પ્રાધ્યાપક, જનીનવિદ્યા અને પાક સંવર્ધન વિભાગ, બ. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા પ્રમાણિત બીજ ઉત્પાદન કરવા અંગેની વિસ્તૃત માહિતી આપેલ. ડૉ. કેતન પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર દ્વારા ઉપસ્થિત ખેડૂત મિત્રોને મકાઈ પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા ગોધરા કેન્દ્ર ખાતે થી બહાર પાડવામાં આવેલ મકાઈની સુધારેલી તથા સંકર જાતોની લાક્ષણીકતાઓ વિષે વિસ્તૃત માહિતી આપેલ. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. ગૌરાંગ ભાભોરએ વિસ્તરણની પ્રવૃતિયો વિષે માહિતગાર કરેલ. અત્રેનાં કેન્દ્રનાં મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, ડૉ મિહિર એમ. પંડ્યાએ કેન્દ્ર ખાતે કાર્યરત સંશોધન અને ચણા, મકાઈ, ઘઉં પાકની સંશોધિત જાતોની લાક્ષણિકતાઓ તેમજ બીજ ઉત્પાદન **વિશે વિગતવાર માહિતી આપેલ.** શ્રીમતી એસ. બી. પારગી, ખેતી અધિકારી દ્વારા ખેડૂત મિત્રોને પ્રાકૃતીક ખેતીનું મહત્વ તથા દેશી જાતોનું બીજ ઉત્પાદન વિશે માહિતગાર કરેલ. ખેતી અધિકારી શ્રી કે. એલ. પારગીએ ઉપસ્થિત ખેડૂત મિત્રોને રોજીંદા આહારમાં શાકભાજીપાકોનું મહત્વ તથા લસણ પાકની સુધારેલ જાતનું બીજ ઉત્પાદનની સંક્ષિપ્ત માહિતી આપેલ.

અત્રેના કેન્દ્રના સ્ટાફ દ્વારા ખેડૂતોને સંશોધન ફાર્મની મુલાકાત કરાવેલ તથા કેન્દ્ર ખાતે લેવામાં આવેલ મકાઈ, ચણા, લસણ અને ઘઉંનું બીજ ઉત્પાદન વિષે પ્રત્યક્ષ માહિતી આપેલ. કાર્યક્રમને અંતે, ઉપસ્થિત ખેડૂત મિત્રોને મહનોભાવો દ્વારા બિયારણની કીટ તથા પ્રમાણપત્ર એનાયત કરેલ અને શ્રી કે. એલ. પારગીએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો.

<u>**કાર્યક્રમની ઝલક**</u>






















GPS Map Camera
Google
Dahod, Gujarat, India
R6fp+xmp, Vanzarwada, Dahod, Gujarat 389151, India
Lat 22.82506° Long 74.237562°
Friday, 13/02/2026 10:14 AM GMT +05:30




GPS Map Camera
Google
Dahod, Gujarat, India
R6fp+xmp, Vanzarwada, Dahod, Gujarat
389151, India
Lat 22.825495° Long 74.238692°
Friday, 13/02/2026 10:34 AM GMT +05:30


કૃષિ સંશોધન કેન્દ્ર
AGRICULTURAL RESEARCH STATION
એક દિવસીય તાલીમ કાર્યક્રમ
GPS Map Camera
Google
Dahod, Gujarat, India
National Highway 59, Dahod, Gujarat 389151,
India
Lat 22.823969° Long 74.235508°
Friday, 13/02/2026 10:05 AM GMT +05:30


આયોજક


કૃષિ સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ-૩૮૯૧૬૦
AGRICULTURAL RESEARCH STATION
ANAND AGRICULTURAL UNIVERSITY, MUVALIYA FARM, DAHOD - 389160
GPS Map Camera
Dahod, Gujarat, India
National Highway 59, Dahod, Gujarat 389151, India
Lat 22.82397° Long 74.235441°
Friday, 13/02/2026 02:44 PM GMT +05:30
Google